ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સ ૨૩૫૦૦૧
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits-31st Jan'/૨૦૧૧/ ૩૧૩ થી ૩૨૨

તા.૦૫ /૦૨/'૧૧

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** તારીખ ૩૧મી જાન્યુઆરી'૨૦૧૧નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૩૧મી જાન્યુઆરી'૨૦૧૧**ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૩૧/૦૧/'૧૧ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તા.૩૧/૦૧/'૧૧નાં સવારે ૧૧ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારતા આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. એસ.જી. યાદવ.<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી.<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| ડૉ. દર્શનાબેન સી.ધોળકિયા.<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ.<br>પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર ભવન, | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી.<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી મહેશભાઈ સી.આહિર.<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલા.<br>ભુજ–કચ્છ. | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ. મેમ્બર સેક્રેટરી<br>(આઈ.સી. કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી) | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત તા.૩૦/૧૦/'૧૧ના રોજની બેઠક અંગેની મિનિટ્સના વાંચન એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પેટા સમિતિનાં સભ્યો માંથી બે સભ્યોએ માંડવી કોલેજની મુલાકાત લીધી હતી તેનો અહેવાલ આપ્યો તેના અનુસંધાનામા નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,માંડવીની ભૌતિક સુવિધાઓ અને કોમ્પ્યુટર લેબમાં થયેલા નવીનીકરણની આજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાએ નોંધ લીધી તથા કોલેજને જણાવવાનું નકકી થયુ કે કોલેજમા રોકવામા આવતા કામચલાઉ અધ્યાપકોને યુનિવર્સિટીના નિયમો અનુસાર તાસ દીઠ રૂા. ૧૦૦/– મહેનતાણું ચૂકવવુ. અધ્યાપકોને ઓર્ડર આપવા તથા તેમની હાજરી, ચૂકવાયેલ મહેનતાણું વગેરેનું રેકર્ડ વ્યવસ્થિત રાખવા જાણ કરવી. એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પેટા સમિતિએ એક માસમાં કોલેજની ફરીથી મુલાકાત લેવી અને સુધારણાનો અહેવાલ રજૂ કરવો.**

ઠરાવ : ૨ : ઠરાવ : ૧૦ : અન્વયે વર્ચ્યૂઅલ કલાસીસ માટે એકિઝકયુટીવ કાઉન્સિલનાં સભ્યો આઈ.આઈ.ટી.,ગાંધીનગરની વર્ચ્યૂઅલ કલાસની મુલાકાત લે તેવું નકકી કરવામાં આવ્યું તથા જીએનએફસી તથા સરકારી એજન્સીઓ મારફત યુનિવર્સિટીને વર્ચ્યૂઅલ કલાસીસ રૂમ બનાવવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે કિંમતના અંદાજીકરણ અને ટેન્ડર પ્રક્રિયા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામા આવી.

ઠરાવ : ૩ : ઠરાવ : ૧૧ : અન્વયે ગેસ્ટ હાઉસમા રોકાણ અન્વયે દર નકકી કરવા માટે જણાવવામા આવ્યુ હતુ જેના અનુસંધાને ગેસ્ટ હાઉસમા રોકાણ અંગેના દરો નીચે મુજબ નકકી કરવામા આવ્યા.

| ક્રમ | વિગત | ભાડુ – પ્રતિદિન | |
|---|---|---|---|
| | | એ.સી. રૂમ | નોન એ.સી.રૂમ |
| ૧ | યુનિવર્સિટી સત્તામંડળના સભ્યો કે જેઓ યુનિવર્સિટીના કામે રોકાણ કરવાના હોય. | રૂા. ૪૦/– | રૂા. ૨૦/– |
| ૨ | યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓના પ્રતિનિધિઓ કે જેઓ યુનિવર્સિટીની કામગીરી માટે અથવા શૈક્ષણિક કામગીરી માટે રોકાણ કરવાના હોય. | રૂા. ૪૦/– | રૂા. ૨૦/– |
| ૩ | યુનિવર્સિટીની કામગીરી માટે આમંત્રિત અન્ય વ્યકિતઓ. | રૂા. ૪૦/– | રૂા. ૨૦/– |
| ૪ | અન્ય યુનિવર્સિટીના અધિકારીઓ / શિક્ષકો. | રૂા. ૪૦/– | રૂા. ૨૦/– |
| ૫ | ઉપર પ્રમાણે (૧),(૨),(૩)માં દર્શાવ્યા સિવાયના કે જેઓને કુલસચિવશ્રીએ ખાસ કિસ્સામાં પરવાનગી આપી હોય. | રૂા. ૩૦૦/– | રૂા. ૨૨૫/– |

અન્ય કાર્યવાહી સર્વાનુમતે મંજૂર કરવામા આવી.

૨. યુનિવર્સિટીના કુલસચિવની ખાલી જગ્યા માટે ભરતી કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :

સરકારશ્રી દ્વારા નિયુકત કરાયેલ પ્રથમ કુલસચિવશ્રીના કાર્યકાળની મુદ્દત પૂર્ણ થતા આ જગ્યા પર નિમણૂક કરવા યોગ્ય કાર્યવહી માટે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબના ઠરાવો કરવામાં આવ્યા.

ઠરાવ : ૪ : કુલસચિવની જગ્યા માટે અરજીઓ મંગાવવા માટે વર્તમાનપત્રોમા જાહેરાત આપવા બાબતે નકકી કરવામાં આવ્યુ કે, એક સ્થાનિક વર્તમાનપત્રમાં તથા બીજા એક ગુજરાત રાજયમાં બહોળો ફેલાવો ધરાવતા વર્તમાનપત્રની બધી આવૃતિમાં જાહેરાત આપવી અને અંગ્રેજી વર્તમાનપત્ર ટાઈમસ ઓફ ઈન્ડિયામાં જાહેરાત આપવી.

ઠરાવ : ૫ : યુનિવર્સિટીના કુલસચિવના ઈન્ટરવ્યુની સિલેકશન કમિટીમાં એકિઝકયુટીવ કાઉન્સિલએ એક સભ્યને નોમીનેટ કરવાનું હોય છે તે માટે શ્રી મુકેશભાઈ ઝવેરી એકિઝકયુટીવ કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે હશે તેવું બહુમતિથી નકકી કરવામાં આવ્યું.

૩. **M.C.A., M. Sc.- I.T.(Regular) & P.G.D.C.A.** અભ્યાસક્રમો સ્વનિર્ભરતા ધોરણે શરૂ કરવા ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :

M.C.A., M.Sc.-I.T. (Regular) &P.G.D.C.A. અભ્યાસક્રમ ચાલતા ન હોય, વર્તમાન સમયની જરૂરિયાતને અનુલક્ષીને સદર અભ્યાસક્રમો સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવા અંગે ચર્ચા વિચારણા અન્વયે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં M.C.A.નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે જરૂરી મંજૂરી મેળવવા માટે A.I.C.T.E.માં અરજી કરવાની કાર્યવાહી શરૂ કરવી તથા આ કોર્ષ માટે સરકારશ્રી માંથી અનુદાન મેળવવા રજૂઆત કરવી.**

**<u>ઠરાવ : ૭ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં M.Sc.-I.T. (Regular) & P.G.D.C.A. અભ્યાસક્રમો સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે. આ અભ્યાસક્રમો હાલના તબકકે સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરી દેવા,ત્યાર પછી તે ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે ચલાવી શકાય તે માટે મંજૂરી મેળવવા સરકારશ્રીમાં રજૂઆત કરવી.**

**૪. યુનિવર્સિટીની માર્કશીટ અને ડિગ્રીના વેરીફિકેશન – ચકાસણી માટે ફી નિયત કરવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :**

યુનિવર્સિટી દ્વારા આપવામા આવતી માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટની ખરાઈ માટેની ફી નિયત કરવા અંગે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની માર્કશીટ અને ડિગ્રીના વેરીફિકેશન – (ચકાસણી) માટે રૂા. ૨૫૦/–ની ફી રાખવી.**

**૫. પરીક્ષા ફીની રકમમાં સૂચિત ફેરફાર સૂચવવા સંબંધે સમિતિ રચવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી યુનિવર્સિટી દ્વારા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સી.બી.સી.એસ. પધ્ધતિનું અમલીકરણ કરવામા આવનાર છે જે ઘ્યાને લેતા પરીક્ષા વિષયક પણ ફેરફાર થનાર હોય, પરીક્ષા ફીની રકમ નિયત કરવા માટે યોગ્ય ફેરફારો સૂચવવા માટે પેટા સમિતિની રચના કરવા અંગે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૯ :</u>** **પેટા સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.**

**૧. ડૉ. શ્રી ટી.આર. હાથી.**
**સભ્યશ્રી, એકિઝકયુટીવ કાઉન્સિલ,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.**

**૨. શ્રી જી.એમ.બુટાણી.**
**પરીક્ષા નિયામકશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.**

**૩. ડૉ.શ્રી એમ.જી.ઠકકર.**
**ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.**

**૪. ડૉ.શ્રી એસ.જી.ધર્માણી.**
**આચાર્યશ્રી, ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત –**
**તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,આદિપુર – કચ્છ.**

૫. શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલા.
સભ્યશ્રી, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

૬. ફાયનાન્સ સમિતિએ લીધેલા નિર્ણયોની જાણ કરવા બાબત :

યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલી ફાયનાન્સ સમિતિઓની બેઠક બાબત નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૧૦ : આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૨૪/૧૧/'૧૦, તા. ૮/૧૨/'૧૦ રોજની ફાયનાન્સ સમિતિએ લીધેલા નિર્ણયો બહાલ રાખવામા આવ્યા તથા તા.૨૦/૧૨/'૧૦ના રોજની ફાયનાન્સ સમિતિએ લીધેલા નિર્ણયોને પણ બહાલ રાખવામા આવ્યા.

૭. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

(૧) વિદ્યાર્થીએ વર્તમાન સમયમાં પરીક્ષા પાસ કર્યા પછી કોન્વોકેશન ફોર્મ ભરીને ડિગ્રી મેળવવાની અરજી સાથે ફી ભરવાની હોય છે તે ફોર્મ ભરવું ન પડે અને વહીવટી કામગીરી બેવડાય નહી તે માટે પરીક્ષા વિભાગની રજૂઆત હતી તેના અનુસંધાને નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો :

ઠરાવ : ૧૧ : આથી ઠરાવવામાં આવે છે કે,વિદ્યાર્થીની ડિગ્રી પરીક્ષાના છેલ્લા વર્ષ કે સેમેસ્ટરની પરીક્ષા ફી સાથે તેઓની કોન્વોકેશન ફી પણ લઈ લેવી અને જરૂરી ફોર્મ પણ ભરાવી લેવું.

(૨) કચ્છ યુનિવર્સિટીના અધ્યાપકોએ વર્ષમા કેટલીવાર સેમિનાર કે કોન્ફરન્સમા હાજરી આપવી તે નકકી કરવા બાબત.

ઠરાવ : ૧૨ : યુ.જી.સી.ની નવી ગાઈડ લાઈન્સ પ્રમાણે અધ્યાપકોને સેમિનાર કોન્ફરન્સમાં હાજરી આપવી અને પેપર પ્રેઝન્ટ કરવુ અનિવાર્ય થઈ ગયું છે તેથી કચ્છ યુનિવર્સિટીના અધ્યાપકોએ વર્ષ દરમ્યાન ઓછામા ઓછા કેટલાં સેમિનાર કે કોન્ફરન્સમા જવું જોઈએ તે નકકી કરવા માટે તથા તેના નિયમો નકકી કરવા પેટા સમિતિમાં નીચે મુજબના સભ્યોની નિમણુંક કરવામા આવે છે.

૧. ડૉ. શ્રી ટી.આર. હાથી.
સભ્યશ્રી, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

૨. ડૉ. દર્શનાબેન સી.ધોળકિયા.
સભ્યશ્રી, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

(૩) યુનિવર્સિટીના હિસાબોનું સી.એ. દ્વારા ઈન્ટરનલ ઓડિટ કરાવવા બાબત :

Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

ઠરાવ : ૧૩ : આથી ઠરાવવામાં આવે છે કે,વર્તમાન સમયમાં યુનિવર્સિટીના હિસાબોનું વાર્ષિક ઓડિટ કરાવવામા આવે છે પરંતુ વિગતવાર ઈન્ટરનલ ઓડિટ થાય તે જરૂરી છે આ બાબત ધ્યાને લઈ કોઈ સી.એ. પાસે ઈન્ટરનલ ઓડિટ કરાવવું તેવું નકકી કરવામા આવે છે તથા તેની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.

(૪) નાના નાના કોર્ષિસ ચલાવવા માટે સેન્ટર ફોર એકસેલન્સની શરૂઆત કરવા બાબત :

ઠરાવ : ૧૪ : આથી ઠરાવવામાં આવે છે કે, નાના નાના કોર્ષિસ ચલાવવા માટે હાલ પુરતું કામ ચલાઉ ધોરણે સેન્ટર ફોર એકસેલન્સની શરૂઆત હાલ જયાં કોમ્પ્યુટર સેન્ટર ચાલે છે તેની નીચે, ગ્રાઉન્ડ ફલોર પર કરવી જેમા કોમ્પ્યુટર અને અન્ય સુવિધા ઉભી કરવી.

(૫) કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ટૂરિઝમનો કોર્ષ શરૂ કરવાનો પ્રસ્તાવ મળેલ છે તેના અનુસંધાનમા નીચે મુજબ નકકી કરવામા આવ્યુ :

ઠરાવ : ૧૫ : આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીને ટૂંકાગાળાના કે સર્ટીફિકેટ અને ડિપ્લોમા કક્ષાના કોર્ષિસ કરીને નોકરીની તકો મળી શકે તેની જરૂરિયાતને ધ્યાને લેતા...

૧. ટૂરિઝમનો સર્ટીફિકેટ કક્ષાનો કોર્ષ
૨. હોસ્પીટાલીટી મેનેજમેન્ટ એક વર્ષનો કોર્ષ તથા
૩. શ્રૃજન સંસ્થા સાથે મળીને હસ્તકળાના અને મેનેજમેન્ટના કોર્ષિસ વિકસાવવા અને તે શરૂ કરવા માટે સૈધ્ધાંતિક મંજૂરી આપવામા આવે છે.

(૬) તોલાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ લૉ, આદિપુર અને તોલાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સ, આદિપુર ખાતે ચાલતા સ્વનિર્ભર કોર્ષિસની ફીના દર સુધારવા માટે મળેલ અરજીઓ અનુસંધાનમા નિર્ણય લેવા બાબત :

ઠરાવ : ૧૬ : આથી ઠરાવવામાં આવે છે કે, તોલાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ લૉ, આદિપુર અને તોલાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સ, આદિપુર ખાતે ચાલતા સ્વનિર્ભર કોર્ષિસની ફી નકકી કરવા માટે એક પેટા સમિતિની નિમણુંક કરવામા આવી.

૧. શ્રી પી.એમ. ભટ્ટ. –અધ્યક્ષશ્રી.
ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

૨. શ્રી કે.એમ.પંડયા.
ડીનશ્રી, કાયદા વિદ્યાશાખા,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

૩. શ્રી મહેશભાઈ આહિર.
સભ્યશ્રી, એકિઝકયુટીવ કાઉન્સિલ,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

(૭) નવા પરીક્ષા કેન્દ્રની મંજૂરી આપવા બાબત :

Shri Govind Krishna Varma Kachchh University BHUJ-Kachchh 370001

ઠરાવ : ૧૭ : આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા વિભાગની રજૂઆતને ધ્યાને લેતાં શ્રી વાણી વિનાયક આર્ટસ અને કોમર્સ કોલેજ,ભચાઉમાં ચાલતા એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કોમ.ની પરીક્ષાનું સેન્ટર ભચાઉ કોલેજને આપવામા આવે છે તથા સેન્ટરને પરીક્ષાની તંદુરસ્ત પરંપરાઓનું પાલન થાય તે જોવાનું રહેશે તે બાબતની જાણ કરવાનું નકકી કરવામા આવ્યુ.

(૮) જે પરીક્ષામા ઓછી સંખ્યા હોય તે પરીક્ષાના સેન્ટરો પોતે તે પરીક્ષાનો ખર્ચ ભોગવે તે અંગે નિર્ણય લેવા બાબત :

ઠરાવ : ૧૮ : આથી ઠરાવવામાં આવે છે કે, જે પરીક્ષામા ૩૦ કરતા ઓછી સંખ્યા હોય તે પરીક્ષાના સેન્ટરનું પરીક્ષા ખર્ચ જે તે સેન્ટરે ઉપાડવાનુ રહેશે તેવું નકકી કરવામા આવ્યુ.

(૯) એકસર્ટનલ પરીક્ષાઓમા બેસનાર વિદ્યાર્થીઓના ગાઈડન્સ કલાસીસમા સેવા આપનાર અધ્યાપકોના તાસ દીઠ મહેનતાણામા સુધારો કરવા બાબત :

ઠરાવ : ૧૯ : આથી ઠરાવવામાં આવે છે કે, એકસર્ટનલ પરીક્ષાઓમા બેસનાર વિદ્યાર્થીઓના ગાઈડન્સ લેકચર ગોઠવનારા કો–ઓર્ડિનેટરઓની રજૂઆતને ધ્યાને લઈ ગાઈડન્સ લેકચરમા સેવા આપનારા અધ્યાપકોને સ્નાતક કક્ષાએ તાસ દીઠ રૂા. ૮૦/–ના બદલે રૂા.૧૦૦/– તથા અનુસ્નાતક કક્ષાએ વ્યાખ્યાન દીઠ રૂા.૧૦૦/– ચૂકવાય છે તેની જગ્યાએ રૂા.૧૨૫/– પુરસ્કાર પેટે આપવાનુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી અમલમા લેવાનું રહેશે.

(૧૦) યુનિવર્સિટીમા સફાઈ કામકાજ માટે સિકયુરીટી માટે ટેન્ડર મંગાવવામા આવ્યા હતા તે ટેન્ડર તા. ૨૫/૧/'૧૧નાં રોજ હાજર રહેલ પાર્ટીઓ સમક્ષ ખોલવામા આવ્યા હતા. તા. ૨૮/૧/'૧૧ના રોજ સ્કૃટીની સમિતીએ તેની ચકાસણી કરી તે ટેન્ડર તા. ૨૯/૧/'૧૧ની ફાઈનાન્સ સમિતિ સમક્ષ રજૂ કરવામા આવ્યા હતા આ ટેન્ડરો સ્વીકારવા બાબત :

ઠરાવ : ૨૦ : આથી ઠરાવવામાં આવે છે કે, સફાઈ કામગીરી માટેનું ટેન્ડર જેનું સૌથી નીચેની કિંમતનું હતું તે પાર્ટીને રૂબરૂ મુલાકાત માટે તા. ૧૦/૨/'૧૧નાં રોજ મળનાર એકિઝકયુટીવ કાઉન્સિલની સભામાં બોલાવવી.

ઠરાવ : ૨૧ : આથી ઠરાવવામાં આવે છે કે,સિકયુરીટીનું ટેન્ડર મંજૂર કરતા પહેલા ન્યુન્તમ વેતનદર અંગે લેબર કમિશ્નરની ઓફિસના અધિકારીની સલાહ લેવા માટે શ્રી કે.એમ.શાહ, ઓ.એસ.ડી.(ફા.) અને શ્રી રામભાઈ સૌદરવા, મેનેજરની એક સમિતિ રચવી જે તા. ૧૦/૨/'૧૧ના રોજ ૧૧ : ૩૦ કલાકે મળનાર એકિઝકયુટીવ કાઉન્સિલમા તેઓનો અહેવાલ રજૂ કરશે ત્યાર પછી ટેન્ડર સ્વીકારવાની કાર્યવાહી આગળ હાથ ધરવી.

ઠરાવ : ૨૨ : આથી ઠરાવવામાં આવે છે કે, ફર્નિચરની ખરીદી માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હતું તેના અનુસંધાનમાં બહાર પાડેલ ટેન્ડર તા.૨૫/૧/'૧૧ના હાજર રહેલ પાર્ટીઓ સમક્ષ ખોલવામા આવ્યા અને તેમાથી સૌથી નીચી કિંમત ભરનાર પાર્ટીની ગુણવત્તાની ચકાસણી કરી તેને રૂબરૂ મુલાકાત માટે તા. ૧૦/૨/'૧૧નાં રોજ મળનાર એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભામાં બોલાવવી.

(૧૧) SNDT University સાથે જોડાણ ધરાવનાર બે કોલેજોનો કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માટે માંગેલા **N.O.C.** ની ફી ન સ્વીકારવા બાબત :

ઠરાવ : ૨૩ : આથી ઠરાવવામાં આવે છે કે,શિવ શકિત સ્ટડી સર્કલ દ્વારા સંચાલિત એક બી.એડ્. અને એક એમ.એડ્. કલેજ જે હાલે SNDT Mumbai સંલગ્ન છે તે NCTE West Region, Bhopal મારફતે અપાયેલ સૂચના મુજબ સ્થાનિક યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવાનું રહે છે તે અંગે જોડાણ મેળવવા સંસ્થાની રજૂઆત આવી હતી તેનું **N.O.C.** આપવા કોલેજ દીઠ રૂા. એક લાખ એક્ઝિકયુટીવ કાઉન્સિલની તા.૧૩ /૮/'૧૦ સભાના ઠરાવ :૦૩: થી નકકી થયુ હતુ. મંડળની રજૂઆત ધ્યાને લેતા એક્ઝિકયુટીવ કાઉન્સિલે સર્વાનુમતે આ ફી ન લેવાનુ નકકી કરે છે તથા મંડળને જણાવવાનુકે, કોલેજની જોડાણ મેળવવા અંગેની સમગ્ર પ્રક્રિયા અને ફીના ધોરણો અનુસરવાના રહેશે.

(૧૨) શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી **B.Sc.–Home Science & B.Sc. -Faishon Designing** ના અભ્યાસક્રમો શરૂ કરવા મળેલ નવા જોડાણ અરજી અંગે ચર્ચ વિચારણા અને નિર્ણય બાબત :

ઠરાવ : ૨૪ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, **B.Sc.–Home Science & B.Sc. -Fiashon Designing** ના અભ્યાસક્રમો કચ્છ જિલ્લામા શરૂ કરવાની ખુબજ આવશ્યકતા હોઈ શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ (નરનારાયણ દેવ) પ્રાયોજીત અને શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ,ભુજ દ્વારા મળેલ જોડાણ અરજી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ સંદર્ભે સ્વીકારવી.

(૧૩) યુનિવર્સિટી કેમ્પસના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે બસ સ્ટેન્ડ તૈયાર કરવા બાબતની શ્રી મહેશભાઈ આહિર અને શ્રી શ્રવણસિંહ વાઘેલાની રજૂઆત અંગે ચર્ચ વિચારણા અને નિર્ણય બાબત :

ઠરાવ : ૨૫ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશ દ્વાર નજીક એક બસ સ્ટેન્ડ તૈયાર કરવું.

(૧૪) ગ્લોબલ સમેટ જાન્યુઆરી'૨૦૧૧ દરમ્યાન યુનિવર્સિટી સાથે અન્ય યુનિવર્સિટીઓ, સરકાર અને સંસ્થા સાથે થયેલા MOU અંગે ધન્યવાદ આપવાની શ્રી મુકેશભાઈ ઝવેરીની રજૂઆત બાબત :

<u>ઠરાવ : ૨૬ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, જાન્યુઆરી'૨૦૧૧ દરમ્યાન ગ્લોબલ સમેટ '૨૦૧૧ દરમ્યાન સરકારશ્રીએ કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીને ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓ, સંસ્થાઓ તથા વિદેશની યુનિવર્સિટીઓ સાથેના રાઉન્ડ ટેબલ ટોકમાં ભાગ લેવાની તક આપી તે બદલ આભાર માનવામા આવે છે તથા થયેલા MOU અંગે કેમેસ્ટ્રી વિભાગ અને માનનીય કુલપતિશ્રીને ધન્યવાદ આપવામા આવે છે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

-Sd-
(ડૉ. બી. એસ. પટેલ)
ઈન્ચાર્જ-કુલસચિવ
ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી,ભુજ-કચ્છ.